# શહેરમાં આવતીકાલે પરશુરામ શોભાયાત્રા અને ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૧

પરશુરામ જયંતિ નિમિત્તે રાજયભરના જિલ્લાઓની જેમ ગાંધીનગરમાં પણ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. ત્રીજી મે ના રોજ બપોરે ૩.૩૦ કલાકે મહાઆરતી, ભૂદેવ ડાયરો અને સમૂહ ભોજનના કાર્યક્રમો યોજાનાર છે.

સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં સચ્ચિદાનંદ ભવન, સેક્ટર-૧૬માં આ તમામ કાર્યક્રમો યોજાશે જેમાં સાહિત્યકાર નારાયણ ઠાકર અને દેવરાજ ગઢવી જેવા કલાકારો ઉપસ્થિત રહેશે. ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા પણ યોજાશે.

આ પ્રકારના કાર્યક્રમો રાજ્યના મોટા શહેરો અને જિલ્લા મથકોએ પણ થવાના છે. આ પ્રસંગે બ્રહ્મસમાજના હોદ્દેદારો અને સભ્યો તેમજ સમાજના અગ્રણીઓ કાર્યક્રમોમાં ભાગ લેશે. ગાંધીનગરમાં પ્રથમવાર ત્રણ થી પાંચ હજારની બ્રહ્મ મેદની વચ્ચે પરશુરામની શોભાયાત્રા યોજાશે.

# એરપોર્ટ પર ઉતરતા જ ગીર જંગલ જેવો અહેસાસ થશે

### એરપોર્ટ પર ગીરનું શીતળ વન ઉભુ કરવામાં આવ્યું : સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ડોમેસ્ટીક ટર્મિનલની બહાર 'ધ ગીર' ગેલેરીનું નિર્માણ

અમદાવાદ, તા.૧

મે ૧ ગુજરાતનો સ્થાપના દિવસ છે. ત્યારે આજથી અમદાવાદ એરપોર્ટ પર તમને અદભૂત નજારો જોવા મળશે. મુસાફરોથી ભરેલા આ એરપોર્ટ પર ગીરનું શીતળ વન ઉભુ કરવામાં આવ્યુ છે. અહી પગ મૂકતા જ તમને ગીરનો અહેસાસ થશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ડોમેસ્ટીક ટર્મિનલની બહાર 'ધ ગીર' ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'ધ ગીર' એશિયાઈ સિંહોના વિશ્વના એકમાત્ર રહેઠાણ સાસણ ગીરની પ્રતિકૃતિ છે. રિલાયન્સ દ્વારા એરપોર્ટ પર વર્ષ




૨૦૧૮ માં 'ધ ગીર'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. હવે આ ગેલેરીને ખસેડવામાં આવી છે.

ગેલેરીને ડિપાર્ચર વિસ્તારની બહાર ખસેડીને તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે, જેથી માત્ર મુસાફરો જ નહિ, પરંતુ તેમને લેવા અને મૂકવા આવતા લોકોને પણ તેનો લાભ મળી રહે. વન્યજીવ પ્રેમી, રાજયસભા સાંસદ અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયકેક્ટર પરિમલ નથવાણી દ્વારા અદાણી એરપોર્ટ હોલ્ડીંગના ડાયરેક્ટર જીત અદાણી અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સ વિભાગના પ્રેસિડેન્ટ હેમંત દેસાઈની ઉપસ્થિતિમાં મે ૧, ૨૦૨૨ના રોજ ગુજરાત દિવસના પ્રસંગે કરવામાં આવ્યું હતું.

આ ૨. આ ઈ. એ લ. સામાજિક વિકાસનાં કાર્યોમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. આ પ્રોજેક્ટ લગભગ ૮૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં સાસણ ગીરમાં જોવા મળતાં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ જેમ કે સિંહ, ચિત્તા, બાજ, કાળિયાર, ચીત્તલ, અજગર, વગેરેની પૂર્ણ કદની આશરે ૬૦ પ્રતિકૃતિઓ મૂકવામાં આવી છે. પ્રસિદ્ધ ગીરનું જંગલ સૂકા ઘાસથી છવાયેલું છે. તેથી તેની પ્રતિકૃતિમાં પણ કૃત્રિમ સૂકા ઘાસનો ઉપયોગ કરીને ગીરના મૂળ જંગલ જેવું વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ એરપોર્ટના સૌંદર્યકરણ માટે રિલાયન્સે ઘણો જ મહત્વનો ફાળો આપ્યો છે. ધ ગીર પ્રોજેકટથી એરપોર્ટની સુંદરતામાં વધારો થશે અને સાથે-સાથે એરપોર્ટની મુલાકાત લેનારા લોકોને મનોરંજન સાથે માહિતી મળશે.

# ભાગવત સપ્તાહમાં નરેશ પટેલ હાજર રહેતા તર્ક વિતર્ક

### ભાજપના પૂર્વ મંત્રી દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન : રમેશભાઈ ઓઝાના વ્યાસાસને પ્રારંભ થયેલ ભાગવદ સપ્તાહમા હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

જામનગર, તા.૧

શહેરમા ભાજપ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ જાડેજા આયોજીત ભાગવત સપ્તાહનો આજથી પ્રારંભ થયો હતો. પરમ પૂજ્ય રમેશભાઈ ઓઝાના વ્યાસાસને પ્રારંભ થયેલ ભાગવદ સપ્તાહમા હજારોની સંખ્યામાં શહેર જિલ્લાના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભાઈશ્રી રમેશ ઓઝાના મુખેથી ચાલી રહેલી ભાગવત સપ્તાહમાં અનેક દિગ્ગજો પણ તબક્કાવાર હાજર રહેશે.

જામનગરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના નિવાસસ્થાનેથી આજે ભવ્ય પોથીયાત્રા નિકળી હતી. જામનગરમાં પોથીયાત્રા દરમ્યાન ખોડલધામના ચેરમેન નરેશ પટેલે પણ હાજરી આપતા લોકોમાં ભારે ચર્ચા જાગી હતી. પોથીયાત્રામાં પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મહાનુભાવો ફૂલોથી શણગારેલી બગીમાં બેઠા હતા. ધારાસભ્ય વિક્રમ માડમ સહિત અલ્પેશ ઠાકોર, વરૂણ પટેલ ગુજરાતના ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની પોથીયાત્રામાં હાજર રહ્યા હતા. જામનગરના ઈતિહાસમાં પ્રથમ વખત પોથીયાત્રા દરમિયાન હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. ભાગવત સપ્તાહ દરમ્યાન નરેશ પટેલ, અલ્પેશ ઠાકોર, વિક્રમ માડમ, જેરામભાઈ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આર.સી.ફળદુ સહિતના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેતા રાજકારણમાં અનેક બદલાવ આવવાની સંભાવના વિશે લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું. દરમ્યાન નરેશ પટેલ એ રાજકારણમાં જોડાવા અંગે જણાવ્યું હતું કે, તમામ રાજકીય પાર્ટીઓ તેમનો સંપર્ક કરી રહી છે ત્યારે આ મહત્વનો નિર્ણય હોય પાટીદાર સમાજ સાથે ચર્ચા કરી સમય આવ્યે રાજકારણમાં જોડાશે તેવું તેમણે આપેલી પ્રતિક્રિયામાં જણાવ્યું હતું.

# કોંગ્રેસના વધુ ધારાસભ્ય કેસરિયા કરવા જઈ રહ્યાં છે

### હાલ કોંગ્રેસનો માહોલ પાનખર ઋતુ જેવો બન્યો છે : ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ કેસરિયા કરી શકે

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી પહેલા પક્ષપલટાની મોસમ પૂરજોશમાં ખીલી છે. પરંતુ આ મોસમમાં ક્યાંક કોંગ્રેસને પાનખરનો સામનો કરવો ન પડે. હાલ કોંગ્રેસનો માહોલ પાનખર ઋતુ જેવો બન્યો છે. એક એક કરીને ગઢના કાંગરા ખરી રહ્યાં છે. આ પક્ષપલટો લાંબો ચાલ્યો હતો ચુંટણી પહેલા જ કોંગ્રેસના સૂંપડા સાફ થઈ જશે. આવામાં કોંગ્રેસના વધુ ધારાસભ્ય કેસરિયા કરવા જઈ રહ્યાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ કેસરિયા કરી શકે છે. સ્થાનિક આગેવાનોને કમલમમાં હાજર રહેવા સૂચના અપાઈ છે. સાથે જ સાંબરકાંઠા જિલ્લાના સાંસદો અને ધારાસભ્યોને પણ હાજર રહેવા ભાજપે સૂચના આપી છે. વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો કમલમમાં હાજર રહેવા તેવું આયોજન કરાયુ છે.

તો પક્ષપલટા અંગે વિધાનસભાના કોંગ્રેસના દંડક સીજે ચાવડાએ કહ્યું કે અશ્વિન કોટવાલ સત્તા લાલચુ છે. સત્તાની લાલચ આપી ભાજપ પક્ષપલટો કરાવે છે.અશ્વિન કોટવાલને આદિવાસી જનતા ક્યારેય માફ નહીં કરે. વિશ્વાસઘાતનો જવાબ ચૂંટણીના પરિણામોમાં મળી જશે.

અશ્વિન કોટવાલ સતત ત્રણ ટર્મથી ખેડબ્રહ્મા બેઠક પરથી વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે. ૨૦૦૭,૨૦૧૨ અને ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં જીતીને કોંગ્રેસના ધારાસભ્ય બન્યા છે. અશ્વિન કોટવાલનો પરિવાર વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલો છે. અશ્વિન કોટલાવના પિતા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્ય રહી ચૂક્યા છે. અશ્વિન કોટવાલના પુત્ર પણ વિજયનગર તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચૂક્યા છે.


# રાજ્યમાં કોરોનાના નવા ૧૮ કેસ : નવ દર્દી રિકવર થયા

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૮ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૯ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૯૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૨૪,૧૮૦ ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ જો કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૨૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૧ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૨૧ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૯૩ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જો કે અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦,૯૪૩ નાગરિકોનાં મોત પણ થઇ ચુક્યાં છે. પરંતુ રાહતના સમાચાર કહી શકાય કે, આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું નથી. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૧૮ કેસ નોંધાયા તે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૯, વડોદરામાં ૨, અમદાવાદ, ગાંધીનગર કોર્પોરેશન અને રાજકોટ કોર્પોરેશનમાં ૧-૧ કેસ નોંધાયા હતા.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૨૭૭ ને રસીનો પ્રથમ અને ૩૮૫૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના કિશોરો પૈકી ૭૫ ને રસીનો પ્રથમ અને ૮૯૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૫૨૫૦ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના તરૂણો પૈકી ૧૮૦૦ ને રસીનો પ્રથમ જ્યારે ૧૨૦૩૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# પાટણ ખાતે યોજાયેલ હસ્તકલા હાટ પ્રદર્શનની મુલાકાત લેતા મુખ્યમંત્રી



ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ૧લી મે ગુજરાત ગૌરવ દિન ૨૦૨૨ ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત પાટણ જિલ્લામાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા બાદ ઈન્ડેકસ્ટ-સી ગાંધીનગર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,પાટણ તેમજ GLPC ના સહયોગથી પાટણના પ્રગતિ મેદાનમાં યોજાયેલા હસ્તકલા હાટને ખુલ્લું મૂક્યું હતું. તેમણે 'વોકલ ફોર લોકલ' ની થીમ પર યોજાયેલા મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત અનેકવિધ ચીજ વસ્તુઓના પ્રદર્શન સહ વેચાણ સ્ટોલની મુલાકાત લઈ, ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી આવેલી સખી મંડળની બહેનોને પ્રોત્સાહિત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાથશાળ, હસ્તકલા, ભરતકામ, મોતીકામ, સુશોભનની વસ્તુઓ, માટીકામ - જ્વેલરી અને વાંસની બનેલી વસ્તુઓને નિહાળવા ખાસ્સો રસ દાખવ્યો હતો. પ્રદર્શન સહ વેચાણના કુલ ૭૬ જેટલા સ્ટોલ લગાવવામાં આવ્યા છે. "૨૦ વર્ષનો સૌનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ" - વંદે ગુજરાતની થીમ પર યોજાયેલા રાજ્ય સરકારની સિદ્ધિઓ આધારિત પ્રદર્શનને પણ રસપૂર્વક નિહાળ્યું હતુ.

# સ્થાપના દિવસે સમરસતા ભોજનની આગવી પરંપરાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્યના ૬૨મા સ્થાપના દિનની ઉજવણીના રાજયકક્ષાના પાટણ જિલ્લા ખાતેના વિવિધ કાર્યક્રમોમાં




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ પાટણ જિલ્લાની સામાન્ય પરિવારોની મહિલાઓના હાથે બનાવેલું ભોજન તેમની સાથે બેસીને ગુજરાતી ભોજનનો સ્વાદ માણ્યો હતો. પાટણ જિલ્લાના વિવિધ સમુદાય વર્ગની સામાન્ય પરિવારની મહિલાઓએ મુખ્યમંત્રીશ્રી માટે પોતાના ઘરે અને પોતાના હાથે વિવિધ વાનગીઓ બનાવીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને હેત પૂર્વક જમાડ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્થાપના દિવસની ઉજવણી દરમ્યાન 'સમરસતા ભોજન'ની નવી પરંપરાનો પ્રારંભ કરાવતા મહિલાઓના હાથે બનાવાયેલું ભોજન જનસમૂહ સાથે જમીને મુખ્યમંત્રીશ્રીએ અદના સેવકની પ્રતિતી પણ કરાવી હતી.

આ ભોજન થાળમાં શિરો, કેરીનો રસ, સુખડી, મગનું શાક, રોટલા, કઢી, દાળ - ભાત, છાશ - માખણ જેવી ૧૩ વાનગીઓનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ ગુજરાતી વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો.

# પાટણ ખાતે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'નું લોકાર્પણ

### લેન્ડ ઓફ ડાયનાસોર - હાઇડ્રોપોનિક્સ - નોબેલ પ્રાઈઝ - કેમેસ્ટ્રી-ઓપ્ટિક્સ - હ્યુમન સાયન્સ ગેલેરીનો સમાવેશ





ગાંધીનગર, તા. ૧

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટેક્નોલોજી વિકસાવવાના ધ્યેયમંત્રને ચરિતાર્થ કરતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રયાસો થકી રાજ્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે રાજ્યમાં ચાર સ્થળોએ રિજિયોનલ સાયન્સ સેન્ટરનું નિર્માણ થઈ ચૂક્યું છે.

આજે 'ગુજરાત ગૌરવ દિવસ' નિમિત્તે વિશ્વ પ્રસિદ્ધ પાટણ ખાતે 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'નું મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રીએ સમગ્ર સેન્ટરની તમામ ગેલેરીઓને અત્યંત રસપૂર્વક નિહાળી હતી. સાથે સાથે બાળકો સાથે ફાઈવ- ડી થિયેટરની ગતિવિધિ પણ નિહાળી હતી. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરાએ સમગ્ર કેન્દ્રની મુખ્યમંત્રીશ્રીને જાણકારી આપી હતી.આ પ્રસંગે શિક્ષણ અને સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તથા સહકાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેન્દ્ર વિજ્ઞાનના પ્રચાર - પ્રસાર, તકનિકી જાગૃતિ, સ્ટેમને લોકપ્રિય બનાવવા માટે વિધાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય જનતા માટે એક મહત્વનું સ્થળ બની રહેશે. એટલું જ નહીં, ૩૪ હજાર ચોરસ મીટર ક્ષેત્રફળમાં ફેલાયેલું અને અંદાજે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલું 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'ની રચના વિજ્ઞાન ટેકનોલોજી અને ગણિતના ક્ષેત્રને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. તેમજ અહીં આવેલ ગેલેરીઓ પાટણ જીલ્લાની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. જેમાં લેન્ડ ઓફ ડાયનાસોર ગેલેરી, હાઈડ્રોપોનિક્સ ગેલેરી, નોબેલ પ્રાઈઝ ગેલેરી, કેમેસ્ટ્રી, ઓપ્ટિક્સ ગેલેરી, હ્યુમન સાયન્સ ગેલેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય આકર્ષણોમાં વર્કશોપ, ૩-ડી થિએટર, વિજ્ઞાનની થીમ આધારીત પાર્ક, વૈદ્યશાળા, સનડાયલ અને કાફેટેરિયાનો પણ સમાવેશ થાય છે.

સાથો - સાથ ઓપ્ટિકલ ઈલ્લીયુઝનની રોમાંચક દુનિયા ઓપ્ટિક્સ ગેલેરીમાં જોવા મળશે. અહીં ઈલ્લીયુઝન ટનલ, ઈન્ફિનિટી પીટ, ટીલ્ટેડ રૂમ સાયન્સ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર પણ બનશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોલીસ હેડ ક્વાટર્સ ખાતે યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી પાટણ ખાતે થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ



પટેલે પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આયોજીત શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. નિર્દશનમાં મૂકાયેલ શસ્ત્રોનું મુખ્યમંત્રીએ રસપૂર્વક નિરીક્ષણ કરી સૈન્યના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.

પાટણના નાગરિકો સેન્યના શસ્ત્રોથી અવગત થાય તેમજ રાષ્ટ્રભાવના વિકસે તે માટે આ પ્રદર્શન આયોજન કરાયું છે, જેમાં બી.એસએફ અને પોલીસ દ્વારા અત્યાધુનિક શસ્ત્રો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે.

## વક્તવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પચતું ન હોય તો બધું જ નકામું છે. તમે ખૂબ જ નામના મેળવી હોય, સમાજમાં ખૂબ પ્રસિદ્ધ હો પણ તમે તમારા દીકરાને સલાહ આપો કે સૂચન કરો પણ તમારો દીકરો તમને કહી દે કે તમને ના ખબર પડે તો તમારી મનોસ્થિતિ શું હશે..? તમે ૭૦૦ માણસોની કંપની ચલાવતા હોવ પણ તમારી પત્નીને તમારા પ્રત્યે અભાવ રહેતો હોય તો તમે સુખી નથી, નથી ને નથી જ...

ધ્વનિતે કહ્યું કે, રેડિયો છોડ્યા પછી બધા જ મને એક પ્રશ્ન પૂછી રહ્યાં છે કે, હું એક્ઝેટલી કરી શું રહ્યો છું ? તો હું કહું છું કે, ' હું મારું સોફ્ટવેર અપગ્રેડ કરી રહ્યો છું...' આ સોફ્ટવેર અપગ્રેડેશનની પ્રોસેસમાં મને એક સૂત્ર મળ્યું છે - આપણે સુખ શોધીએ છીએ, પરંતુ આપણને સૌને નિરંતર સુખની કામના છે. નિરંતર સુખ આપણને ક્યાંય મળતું નથી, કારણ કે સુખ આપણે માત્ર શરીરના સ્તરે શોધીએ છીએ. ભૌતિકતા તરફની આપણી દોડ છે. માણસ હંમેશા પોતાની પાસે છે તેનાથી કંઈક વધુ મેળવવા દોડ્યા કરે છે, ઝંખ્યા કરે છે. ખરેખર તો માણસે સંબંધમાં જીવવાનું છે. સાચું સુખ માત્ર સંબંધોમાં છે. આપણે સંબંધોને કોરાણે મૂકીએ છીએ, ભૌતિક સુખની દોડમાં સંબંધોનું સુખ હાંસિયામાં ધકેલીએ છીએ. આપણે ભૌતિક સુખની દોડમાં સંબંધોના સુખને ભૂલી જઈએ છીએ.. જાતને ચાહવાનો સૌથી પહેલો નિયમ એ છે કે, તમે પોતાની જાતને જેવા છો તેવા સ્વીકારો. તમારી આસપાસના જે લોકો જેવા છે તેને સ્વીકારો. કારણકે સ્વીકારમાં સમજણ છે અને સમજણમાં જ સુખ છે. આ વાત સૂત્ર તરીકે બરોબર છે, પણ તેને આચરણમાં લાવવાની મુશ્કેલ છે.

સમારોહના આરંભે પ્રાસંગિક ઉદબોધન કરતાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંતભાઈ જહાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંવેદનશીલ સમાજરચના માટે પ્રયત્નશીલ છે. આ સરકારીનગરને સંસ્કારીનગર બનાવવાનો અમારો પ્રયાસ અઢી દાયકાથી કરી રહ્યા છીએ. અમે મનોરંજન સાથે મનોમંથન આપવાનો સતત પ્રયાસ કરી રહ્યા છીએ. સાંસ્કૃતિક અને ભાતીગળ વાતાવરણ ઊભું કરવા, સંવેદનશીલ સમાજ રચના માટે પ્રયત્નશીલ રહેવાનો ગાંધીનગર કલ્ચરલ ફોરમનો સંકલ્પ ધીમે ધીમે સાકાર થઈ રહ્યો છે. અર્ક વ્યાખ્યાનમાળાના ૨૨ મા મણકામાં યુવાન વક્તાઓને તેમને આવકાર્યા હતા. તેમણે એમ કહ્યું હતુ કે, આપણે આપણી જાતને નથી ચાહતા એટલે જ આપણા જીવનમાં નીરસતા આવે છે.

કાર્યક્રમનું સંચાલન શ્રી હિરેન ભટ્ટે કર્યું હતું. તેમણે રસપ્રદ શૈલીમાં સૌનો પરિચય કરાવ્યો હતો. અંતમાં રવિવારની સુંદર મજાની સવાર ગાંધીનગર કલ્ચરલ ફોરમને નામે કરનાર વક્તાઓ અને ગાંધીનગરના સુજ્ઞ શ્રોતાઓનો આભાર તેમણે માન્યો હતો.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જાય..' લીયો ટોલ્સ્ટોયનું એક અવતરણ મારા સંવેદનતંત્રને ઝણઝણાવી ગયું છે... 'દુનિયામાં બધાં સુખી કુટુંબો એકસરખાં હોય છે. પરંતુ જગતનું દરેક દુઃખી કુટુંબ એની વિશિષ્ઠ રીતે દુઃખી હોય છે...'બે અલગ અલગ દેશના લેખકો કેટલું સમાન રીતે વિચારે છે..!

જન્મદિવસનો બીજો કોઈ ખાસ ઉપક્રમ મારા માટે રહેતો નથી... દિવસ પ્રવૃત્તિઓથી ધમધમતો રહે. વ્યસ્તતા અને દોડાદોડ વચ્ચે આપનો પ્રેમ દિવસ દરમિયાન ઝીલતો રહું..એ જ સંકલ્પ સાથે આપ સૌ સમક્ષ નતમસ્તક થઈ ઋણસ્વીકાર કરૂં છું..મને હંમેશાં મારી ક્ષમતા કરતાં જગત તરફથી ઘણું વધારે મળતું રહ્યું છે..એવું મારું દ્રઢપણે માનવું છું..મારા માટે કદાચ આ જ સાક્ષાત્કાર છે.. ઈશ્વરીય અનુભૂતિ છે..

સૌ તરફથી મળતી શુભેચ્છાઓ.. અને હદયના ભાવો થકી નવી ઊર્જા અનુભવું છું...મુળ હું ભાવુક સંવેદનાતંત્ર ધરાવતો માણસ છું...મને લાગણીનો સંચાર ગમે છે...જગતમાં અનેક પ્રકારની ભુખ હોય છે..પણ માણસને માણસની જે ભુખ હોય છે એ બાબત મહત્વની છે.જન્મદિવસે બસ આટલી વાત..આપ સહુના સ્નેહ માટે સદાય આભારી છું.

## વિક્રમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયા રહ્યું છે. આઈજીએસટીમાં ૩૬,૭૦૫ કરોડ રૂપિયા વસ્તુઓની આયાત પર મેળવ્યા છે. તેમાં સેસનો હિસ્સો ૧૦,૬૪૯ કરોડ રૂપિયા (૮૫૭ કરોડ રૂપિયા વસ્તુઓની આયાત પણ ભેગા કર્યા) રહ્યો છે.

એપ્રિલ ૨૦૨૨માં જીએસટીઆર-૩બીમાં કુલ ૧.૦૬ કરોડ રિટર્ન ભરવામાં આવ્યા. એપ્રિલ ૨૦૨૧ની સરખામણીમાં એપ્રિલ ૨૦૨૨માં જીએસટી કલેક્શન ૨૦ ટકા વધ્યું છે. મંત્રાલયે કહ્યું કે એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે અનુપાલનના સ્તરમાં સુધારો થયો છે. ટેક્સ પ્રશાસને આ વિશે ઘણા ઉપાય કર્યા છે. જેના સકારાત્મક પરિણામ મળી રહ્યા છે. વિભાગે ટેક્સપેયર્સને પોતાનું રિટર્ન સમય પર ભરવા માટે પ્રેરિત કરવાની સાથે ટેક્સ કંપ્લાયન્સને પણ સુગમ કર્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ જીએસટીના નીચલા સ્લેબના દરમાં વધારો થઈ શકે છે. જ્યારે સ્લેબ ચારમાંથી ત્રણ થઈ શકે છે. આ ઉપરાંત વધુ વપરાશ અને આવશ્યક ચીજવસ્તુઓ પર જીએસટીના દરોને તર્કસંગત બનાવવામાં આવી શકે છે. હાલ ૪૮૦ વસ્તુઓ પર ૧૮ ટકા જીએસટી લાગે છે અને કુલ જીએસટી કલેક્શનનો ૭૦ ટકા હિસ્સો આ સેગમેન્ટમાંથી આવે છે. હાલમાં જીએસટીના ચાર સ્લેબમાં ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, જીએસટીના નીચલા સ્લેબને ૫ ટકાથી વધારીને ૬-૭ ટકા કરવામાં આવી શકે છે. જ્યારે ૧૨ ટકા અને ૧૮ ટકા સ્લેબને હટાવીને તેના સ્થાને ૧૫ ટકાનો નવો સ્લેબ આવી શકે છે. ૨૮ ટકાના સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

## લહેર નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરતા પ્રમાણમાં પરીક્ષણ થતું હોય અને તેની સામે વસ્તી પ્રમાણે જે આંકડો મળે તેના આધારે પોઝિટિવિટીનો રેટ નક્કી કરવો જોઈએ." એટલે કે ટેસ્ટિંગની સંખ્યા ઘટી હોય અને કેસમાં વધારો થાય તે સ્વાભાવિક છે અને આમ થવાથી તેને ચોથી લહેરની ગણતરીમાં ના લઈ શકાય." ઝસ્ઈના એડિશનલ ડિરેક્ટર જનરલ ડૉ. સમિરાન પાંડાએ એ પણ જણાવ્યું કે, "માત્ર કેટલાક જિલ્લાઓમાં નવા કેસમાં સામાન્ય ઉછાળો નોંધાયો છે. આપણે જે ઉછાળો જોઈ રહ્યા છે તે સામાન્ય છે, કોઈ નવા વેરિયન્ટના કારણે શરુ થયેલી નવી લહેર નથી. આ વધારો હાલમાં કેટલાક વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે, આ ઉછાળો કોઈ રાજ્ય કે દેશભરમાં જોવા નથી મળ્યો." આગળ તેમણે કહ્યું કે, આ સાથે હજુ સુધી ચોથી લહેરના કોઈ સંકેત હજુ સુધી મળ્યા નથી.

ભારતમાં પાછલા કેટલાક દિવસથી જે કોરોનાના કેસ ૧૦૦૦ની અંદર આવી ગયા હતા તે ફરી વધી રહ્યા છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં નવા ૩,૩૨૪ કેસ નોંધાયા છે. જ્યારે ૪૦ દર્દીઓના મોત થઈ ગયા છે. ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૪,૩૦,૭૯,૧૮૮ થઈ ગઈ છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૩,૮૪૩ પર પહોંચી ગયો છે. ભારતમાં સપ્ટેમ્બર ૨૦૨૦માં કોરોનાની પહેલી લહેર પીક પર પહોંચી હતી. , આ પછી મે ૨૦૨૧માં બીજી અને જાન્યુઆરી ૨૦૨૨માં ત્રીજી લહેર પીક પર પહોંચી હતી.

## ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિંહ પરવાનાનો ૨૨ એપ્રિલના એક વીડિયોથી આ વિશે સંકેત મળ્યા છે. આ વીડિયોમાં બરજિંદર ધમકી આપતો અને ખાલિસ્તાન જિંદાબાદના નારા લગાવતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં બરજિંદર કહી રહ્યો છે કે જો ૨૯ તારીખે ખાલિસ્તાન વિરોધી રેલી થઈ તો ઠીક રહેશે નહીં. અમે પરિવારજનોને જણાવીને આવીશું કે જો પાછા આવી ગયા તો તેમના કર્મ અને ના આવ્યા તો અમારા કર્મ.

બરજિંદર સિંહ પરવાનાનો હિંસા પછી મોં ઢાંકીને ભાગવાનો વીડિયો પણ સામે આવ્યો છે. તેના પર આરોપ છે કે તેણે ખાલિસ્તાન સમર્થકોને ભડકાવીને તે તરફ મોકલ્યા હતા જ્યાં શિવસેના (બાલઠાકરે) સંગઠનની રેલી નીકળી રહી હતી. આ સંગઠન પાસે પણ રેલીને પરવાનગી ન હતી.